ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચીઠ્ઠીના ચાકર છીએ, 'એ'-ની આજ્ઞા એ જ કામ છે!*
*કહેવાઈએ 'સરકાર' બાકી તો માત્ર નામ છે!*
*અમે તો છીએ વચગાળાના માત્ર સમય માટે -*
*છતાં દિલ્હી તો અમારું પવિત્ર યાત્રાધામ છે.*
*(મંત્રીમંડળ દિલ્હી જશે!)*

### હાઈકુ

*આ વખતે તો -*
*વરસાદે વરસ્યો!*
*સૌરાષ્ટ્રે ખૂબ!!*
*(સૌરાષ્ટ્ર પર રાજકીય મહેર)*

*હવે યુપીમાં,*
*પક્ષોની તોડફોડ -*
*સેટીંગ શરૂ...*
*(હવે ડબ્બા, ઈન્જીન-પાટા બદલશે)*

### ચિંતન

*નામ રસાયણ પ્રેમ રસ, પીવત અધિક રસાલ,*
*કબીર પીવન દુર્લભ હૈ, માગે શીશ કલાલ.*

ભક્તિમાર્ગમાં, કર્મકાંડ, વેશ, બાહ્ય આડંબરનું મહત્ત્વ ઓછું છે, જાપનું મહત્ત્વ વિશેષ છે. નામ-જાપ માટે ગુરુ નાનકે પણ એ જ ઉપદેશ આપ્યો છે. જાપ-સ્તવનથી ચિત્તના તરંગો સ્થિર શાંત થાય છે. યોગ સંબંધી વૈજ્ઞાનિક અભ્યાસના તારણો પણ એવું જ કહે છે કે શાંત સમાધિ દ્વારા મનના તરંગો ધીમા પડી જાય છે. આથી જ કહેવાયું છે કે કળિયુગમાં પ્રભુ પ્રાપ્તિનો સરળમાં સરળ માર્ગ નામ-જાપ છે. મન જયારે ઈચ્છાના આવેશમાં તણાય છે ત્યારે તેને ગતિ કે દિશાને ખ્યાલ નથી રહેતો. કબીર નામ રસાયણ પીવામાં આવતી મુશ્કેલી દુર્લભ શબ્દ વાપરે છે. આ કામ અલભ્ય નથી પણ તે પામવા માટે મદિરા વેચતો કલાલ જેમ દારૂ માટે પૈસા માગે છે તેમ પ્રભુસ્મરણ સાથે સમર્પણ માગે છે. આ માટે ત્યાગ સાથે સર્વસ્વ છોડવાની તૈયારી દર્શાવવાના હેતુથી કબીર માથું ધરી દેવાનું આહ્‌વાન કરે છે. ભક્તિ એ તો શીરતણું છે સાટું.

### સુવિચાર

- જીંદગીની મજા તાળુ ખોલવામાં નથી પણ ચાવી શોધવામાં છે - **અખંડ આનંદ**
- ટીકા તથા પાળેલા કબૂતર વચ્ચે એક સામ્યતા છે...
  હરીફરીને એ બેય મૂળમાલિક પાસે જ પરત આવે છે - **પૂજ્ય મોટા**
- સચ્ચાઈના બદલામાં કયારેક આખી જિંદગી ઈનામમાં મળી શકે છે - **માર્ટીન લ્યુથર કિંગ**
- જ્ઞાન કદાચ શિક્ષણ થકી પ્રાપ્ત થાય પણ બુદ્ધિ તો કડવા અનુભવોથી જ મળે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- અન્યને આહત કરી, ખુદને રાહત મેળવવાની કામના ન કરો - **મુંબઈ સમાચાર**
- ગોખેલું યાદ રહે તે જ્ઞાન, વણ ગોખેલું સ્ફુરે તે પ્રજ્ઞા - **સંત રોબિન**
- સવારે ઉઠતાની સાથે કોઈ કામ તમારી રાહ જોતું હોય તો તમે
  ઈશ્વરના કૃપા પાત્ર ગણાવ - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : એસીડીટીમાં સંતરાના રસમાં શેકેલું જીરુ અને સિંધાલૂણ નાખીને પીવું

**(દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલના થોડાં ભક્તિ-તપ કે તાંત્રિક ઉપાસના પછી હળદરને ગાંઠિયે શાહુકાર બની બેઠેલા કે 'પ્રચારતંત્ર' દ્વારા 'બાપુ' બની બેટેલાઓ અધકચરું જ્ઞાન અને વાણી પ્રભાવથી જાતે 'ભગવાન' બની જાય કે અહંકારી થઈ જાય.

૧૮મી સદીમાં વિદ્વાન પંડિત યશોવિજય થઈ ગયા. વિદ્વતા અને વાણી પ્રભાવથી મોટા મોટા પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવી નાખતાં એમને અભિમાન થયું. વ્યાખ્યાનની પીઠ પર ચાર દિશા અને શિખર પર પાંચ ધજા રખાવતાને સંકેત આપવા માગતા હતા કે ચારે દિશામાં મારા પ્રભાવથી કીર્તિધજા ફરકે છે. એમના એક સાચા શિષ્ય અને ભક્તને આ અહંકાર-અભિમાન ગમ્યું નહીં. ગુરુદેવને સમજાવવા કેમ?

એણે ગુરુદેવને પૂછ્યું - ગુરુદેવ અગાઉના વિદ્વાન પંડિતો, વ્યાસજી, ગૌતમ બુદ્ધ - વગેરે પણ તમારા જેટલા જ વિદ્વાન હતા? ગુરુદેવે નમ્રતાપૂર્વક કહ્યું ના- ના એ તો મહાજ્ઞાની 'ભગવાન' ની કક્ષાના હતા. તેમની પાસે તો હું તુચ્છ વિદ્વાન કે વક્તા છું. શિષ્યએ ગુરુદેવને ફરી પુછ્યું - તો એ જ્ઞાની પુરુષ પોતાની વ્યાસપીઠ પર કેટલી 'ધજા' રાખતા? ગુરુદેવને હવે પ્રશ્નોનું રહસ્ય સમજાયું અને બીજા દિવસથી ધજાઓની સાથે અહંકાર ભાવ પણ સમેટી લીધો બાકીનું જીવન 'નમ્ર' થઈને રહ્યા.

# પાકિસ્તાન વિરૂદ્ધ નિર્ણાયક અભિગમની પ્રતીક્ષા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીર મુદ્દે બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં પહેલી જ વાર પાકિસ્તાનને પાકિસ્તાનની ભાષામાં જવાબ આપી ઘણા વખતથી દબાવી રાખેલ આફરો કાઢ્યો છે. એમણે ડિપ્લોમેટિક બનવાના જે કંઈ પ્રયાસો કર્યા તે સરિયાણ નિષ્ફળ ગયા છે, એથી સ્વાભાવિક રીતે જ એમને હવે સામા છેડાનું સ્ટેન્ડ લીધા સિવાય છૂટકો પણ ન હતો. શરૂઆત તો એમની આગવી સ્ટાઈલ મુજબ દોસ્તીનો હાથ લંબાવીને જ કરેલી. સામસામી ભેટ સોગાદોની આપ-લે, ઉતાવળે બધાંને અંધારામાં રાખી નવાઝ શરીફના નિવાસે પહોંચી જવું અને એમના કૌટુંબિક કાર્યક્રમમાં હાજરી પુરાવવી - આ બધા કાર્યક્રમોનું ઊંધું જ પરિણામ મળ્યું ત્યારે મોદીએ જે ભોંઠપ અને અપમાનની લાગણી અનુભવી હશે, એ તો તેઓ પોતે જ ભવિષ્યમાં આત્મકથા લખીને વ્યક્ત કરે ત્યારે સમજાય. પરંતુ કાશ્મીરમાં સતત ઘુસણખોરી ઉપરાંત પઠાણકોટ ઍરબેઝ ઉપરના હુમલા પછી ભારતીય સેના તથા સીમા સુરક્ષા દળ દ્વારા ઈંટનો જવાબ પથ્થરથી વાળવાની નિતિ અન્વયે આતંકવાદી બુહહાન વાનીના એન્કાઉન્ટરના પગલે કાશ્મીરમાં સરજાયેલ વિકટ પરિસ્થિતિનો પાકિસ્તાને જબરદસ્ત ગેરફાયદો ઉઠાવ્યો. કાશ્મીર પાકિસ્તાનનું જ છે અને તે મેળવીને જ જંપીશું - એવા વડાપ્રધાન નવાઝ શરીફ દ્વારા ઉચ્ચારાયેલ આતંકી સૂર વિરુદ્ધ વડાપ્રધાન મોદીએ પાક અધિકૃત કાશ્મીર ભારતનો જ ભાગ છે અને તેને ભારતમાં ભેળવીને રહીશું - એવી પ્રતિક્રિયા પાઠવી તે સમયસરની છે. પરંતુ એ ફક્ત વાતોનાં વડાં બનીને ન રહી જાય, તે જરુરી છે. મોદીએ જયારે પાક અધિકૃત કાશ્મીરની પ્રજા પર અને બલુચિસ્તાનની પ્રજા પર પાકિસ્તાન દ્વારા જુલમો-સિતમની ગાથા જાહેર કરી છે અને વિદેશોમાં વસવાટ કરતા પીઓકેના નાગિરકો સાથે સંવાદ સાધી એને પાકિસ્તાનના સકંજામાંથી છોડાવવાની વાત કરી છે ત્યારે આ ફક્ત ૨૦૧૯ની કે એ પહેલાંની ચૂંટણીઓ જીતવા રોડવેલું ગતકતું ન બની રહેવું જોઈએ. બલુચિસ્તાન શરૂથી જ પાકિસ્તાન સાથે ભળવા સહમત નહોતું. પઠાણ નેતા સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાન અને એમના બુગતી સુધીના રાજકીય વારસદારો પાકિસ્તાનના હુકમરાનો વિરુદ્ધ બોલતા રહ્યા છે. બુગતીએ મોદીના નિવેદન બદલ શુક્રિયા અદા કરેલ છે. જો એમ થશે તો દેશની પ્રજાને છેતરાઈ હોવાનો જ અહેસાસ થશે. મોદીના પુણ્યપ્રકોપથી પાકિસ્તાન થરથરી ઊઠ્યું છે. વડાપ્રધાન નવાઝ શરીફના વિદેશ મામલોના સલાહકાર સરતાજ અઝીઝે ભારતના વિદેશ સચિવ જયશંકરને ચર્ચા માટે નિમંત્રણ આપવાની રજૂઆત કરતાંની સાથે જ કાશ્મીરની ઘટનાને આઝાદી માટેની ચળવણ ગણાવી છે. વળી યુનોમાં કાશ્મીરની પ્રજાના જનમત માટેના પ્રયાસો નિષ્ફળ જતાં હવે ઈસ્લામિક આરબ રાષ્ટ્રોનો સાથ મેળવી કાશ્મીરને આઝાદી અપાવવાના પ્રયત્નો આરંભાય તેવી શક્યતા પણ છે. ચીન જેવા દુશ્મન દેશને તો ભારતને નબળું પાડવારી આવી કોઈ પણ પ્રવૃત્તિ આવકારયોગ્ય જ લાગે તે સ્વાભાવિક છે. શું બલુચિસ્તાન પર -

**તંત્રીસ્થાનેથી...**

પોતાની જ પ્રજા પર બોમ્બવર્ષા કરનાર પાકિસ્તાન સામે અને આઝાદ કાશ્મીરની વાજ આવી ગયેલી પ્રજાના પ્રશ્ને ભારત નિર્ણાયક અભિગમ લઈ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પાકિસ્તાન વિરુદ્ધ ઝુંબેશ શરુ કરવા કૃતસંકલ્પ છે ખરું? પ્રજા જરુર આ મુદ્દે દેશના નેતાઓ પાસેથી એના જવાબની ઉત્કટતાપૂર્વક રાહ જોશે.

# માનવજીવન આધાર - મધમાખી



સર્વજીવોમાં પોતાને સહુથી વધુ બુદ્ધિસાળી માનતો માનવ તેના અસ્તિત્વ માટે અનિવાર્ય છે તેવા જીવોનું મહત્ત્વ સમજતો નથી, તે એક નવાઈની વાત છે. આ પૃથ્વી પરથી માનવોની ભૌતિક સુખો પાછળની આંધળી દોટને કારણે ઘણાં જીવો લુપ્ત થઈ રહ્યા છે ત પૈકી ઘણાં બધાં જીવો પૃથ્વીના જે તે ભાગના પારિસ્થિતિકીતંત્ર માટે મહત્ત્વની કડી સમાન હતાં.

મધમાખીઓને કોણ નથી ઓળખતું? તેને ઓળખવાનું મુખ્ય કારણ મધમાખી તરફથી માનવોને મળતું મીઠું મધ. પરંતુ મધમાંખીઓનો પરાગનયનનો બીજો અતિ મહત્ત્વનો રોલ કોઈ જાણતું નથી અને મધમાખીઓનું અસ્તિત્વ જોખમમાં છે તેની જાણ પણ મોટા ભાગના લોકોને નથી.

વર્ષ ૨૦૧૨માં કન્ઝર્વેશન બાયોલોજીસ્ટ અને બી એક્સપર્ટ ડૉ. રીસે હોલ્ડર દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસ બાદ એક સત્ય રજૂ કરવામાં આવ્યું છે કે, 'છેલ્લા, ૪ વર્ષમાં આપણે એક ટ્રીલીયન (ખરબ)ના ચોથા ભાગ જેટલી મખમાધીઓને ગુમાવી છે.'

અમેરિકાના એગ્રીકલ્ચર ડીપાર્ટમેન્ટ અને નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફુટ એન્ડ એગ્રીકલ્ચરના ૬૦૦૦ જેટલા મધમાખી ઉચ્છેરકોના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે એપ્રિલ-૨૦૧૪થી એપ્રિલ-૨૦૧૬ એટલે કે ફક્ત એક વર્ષના ગાળામાં અમેરિકાના ઉત્તર ભાગના મધમાખી ઉછેરકોએ તેમની પાસેથી ૪૮ ટકા જેટલા અને દક્ષિણ ભાગના મધમાખી ઉછેરકોએ ૩૭ ટકા મધમાખીઓની વસાહતો ગુમાવી છે. આજ રીતે વિશ્વના ઘણાં ભાગોમાં મધમાખીઓની વસાહતો ચિંતાજનક રીતે ઘટી રહી છે.

મધમાખીઓની વસાહતો નષ્ટ થવા માટેના મુખ્ય કારણો પૈકીનું એક છે. નીકોટીન આધારીત જંતુનાશકો કે જે નીઓની કોટીનાઈડ્સ એટલે કે નીયોનીક્સ. છોડ પર છાંટવામાં આવતું નીયોનીટ્કસ (Neonics) છોડની સંગ્રહની નલિકાઓ, મૂળ, પરાગ રજ અને મધુરસમાં પ્રવેશે છે. મધુરસ મારફતે તે મધમાખીઓના શરીરમાં પહોંચે છે. જે તેના માટે જીવલેણ નિવડે છે.

કેનેડાના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલ અભ્યાસ દરમિયાન મરેલી મધમાખીઓ પૈકીની ૭૦ ટકા મધમાખીઓના શરીરમાં પેસ્ટીસાઈડ્ઝ (જંતુનાશકો) જોવા મળ્યા હતા. આવા જંતુનાશકોને કારણે મખમાખીઓ ઉપરાંત આવા જંતુનાશકોને કારણે મધમાખીઓ ઉપરાંત પરાગનયનમાં મદદરુપ બનતાં પતંગિયા, ફુદા, ભમરી, અળસિયાં, ગોકળ ગાય, પક્ષીઓ અને ચામાચીડિયાઓ માટે પણ જીવલેણ નિવડે છે.

ફેબ્રુઆરી-૨૦૧૬ મલેશિયાના, કુઆલાલમ્પુર ખાતે હાલમાં જ યુનાઈટેડ નેશન્સ સાથે જોડાયેલ વિશ્વકક્ષાના સમુહોની મીટીંગમાં પરાગનયન બાબતે રજૂ કરવામાં આવ્યું કે વનસ્પતિઓની પરાગનયનની ક્રિયામાં મધમાખીઓ/માખીઓની ૨૦,૦૦૦થી વધુ જાતિઓ ફળો, શાકભાજી, સૂકા મેવા અને પુષ્પધારી વનસ્પતિઓમાં ભાગ ભજવે છે. આ કારણે વિશ્વમાં ૫૭૭ અબજ ડૉલરના ખેત પાકોની આવક થાય છે અને લાખો લોકોને રોજગારી મળે છે.



વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

વિશ્વના ૭૦ ટકા પાકો કે જેમાંથી ૯૦ ટકા ખાદ્ય પદાર્થો મળે છે તેનું પરાગનયન માખીઓથી જ થાય છે. બદામ, કાજુ, સફરજન, ઓરેન્જ, દ્રાક્ષ, કેરી, નાળિયેર, કોબી, ફલાવર, ડુંગળી, લીંબુ, ટામેટા, ગાજર, સ્ટોબેરી, રાસબેરી, સોયાબીન તથા કપાસ જેવા ઘણઆં બધાં પાક ઉત્પાદનો પરાગનયનની ક્રિયાને કારણે થાય છે. વિશ્વનું ૯૦ ટકા ન્યુટ્રીશીયન આ રીતે માખીઓ દ્વારા થતાં પરાગનયનને કારણે મળે છે. આ રીતે જોઈએ તો વિશ્વની ૭ અબજ જેવી વસતીનું ભરણપોષણ માખીઓને આધારે થાય છે. 'ધ લાઈફ ઑફ ધ બી' પુસ્તકના નોબેલ પ્રાઈઝ વિજેતા લેખક મૌરીસ મૈટેરલીકન્સના મંતવ્ય પ્રમાણે 'આ પૃથ્વી પરથી મધમાખીઓ લુપ્ત થશે તો માનવ જાતનું અસ્તિત્વ ફક્ત ચાર વર્ષ સુધી જ ટકી શકશે.' આમ, મધમાધીઓનો નાશ, માનવજાતના નાશનું નિમિત્ત બનશે.

# સ્વતંત્રતા @ ૭૦ : હજુ પણ સાચો અર્થ શોધવાનો બાકી છે...!!!

આવતીકાલે ૧૫મી ઓગષ્ટ...! હિન્દુસ્તાનનો સ્વતંત્રતા દિવસ. ૭૦મો સ્વતંત્રતા દિવસ. સોશિયલ મીડિયા પર એક સરસ મજાની વિડીયો કલીપ આંટાફેરા કરી રહી છે. જો કે સરસ મજાની તો બિલકુલ કહી ના શકાય છતાં પણ જોયા પછી જો જરા પણ એની કલેજામાં ક્યાંક અને કૈક અસર થાય તો જોવી લેખે લાગે એવી આ કલીપ છે કે જેમાં કોઈ આરજે (રેડિયો જોકી) હાથમાં તિરંગો લઈને શહેરની સડક પર નીકળી પડે છે અને લોકોને જુદા જુદા સવાલો પૂછી રહી છે કે 'આ (તિરંગો) શું છે?... સ્વતંત્રતા દિવસની ઉજવણી શા માટે કરીએ છીએ? થી લઈને તિરંગો કેમ પકડાય? સ્વતંત્રતા દિવસ એટલે શું?...વિડીયો કલીપમાં મળતા જવાબો રમુજી છે અને મોટાભાગના લોકો આ સવાલોના ખોટા જવાબો આપે છે એ તો વધુ રમુજી છે જ પણ સાથે સાથે એ જવાબો સાંભળવા એટલા જ દુ:ખદાયક પણ છે, એ એટલા માટે કે આઝાદી કે સ્વતંત્રતાના સાત-સાત દાયકા પછી પણ આપણે કે આપણામાંથી કેટલાયે આવા સામાન્ય અને ખાસ તો દેશને લગતા સવાલોના જવાબોમાં ગોથા ખાઈ જઈએ છીએ. મોટાભાગના માટે તો ૧૫મી ઓગષ્ટ એક રજા છે...હોલીડે છે... છુટ્ટી છે..! છે ને મેરા ભારત મહાન...! અમદાવાદ જેવા શહેરમાંથી એક નાની મુસ્લિમ છોકરી છેક કાશ્મીર જઈને લાલ ચોકમાં તિરંગો ફરકાવવા જેટલી નીડરતા કે દેશભક્તિ બતાવી શકશે પણ આપણે સવારે પથારી છોડીને નજીકના ધ્વજવંદન સ્થળે કે ઈવન આપણા ખુદના ઘરે તિરંગો રાખીને સલામી દેવામાં આળસ ફરમાવશું. પૂછો કેમ? તો કહે બસ એ અમારી સ્વતંત્રતા છે...! યસ, એ વાતમાં ના નહિ કે નવી પેઢીને હિસાબે આ પરિસ્થિતિ ધીરે ધીરે બદલાઈ રહી છે પણ યાર ૭૦ વર્ષો થવા આવ્યા...હજુયે કેટલા વર્ષો લાગશે એ સમજતા કે આ હોલીડે નહિ પણ હોમેજ ડે છે...દેશ ને સન્માનવાનો..સ્વતંત્રતાનો સબળ, સચોટ અને દેશકલ્યાણમાં ઉપયોગ કરવાનો...!

દેશ તો વિદેશી હકુમતોથી ક્યારનો આઝાદ કે સ્વતંત્ર થઈ જ ગયો છે પણ જેમ જેમ વર્ષો વિતતા જાય છે એમ એમ એક પ્રાણપ્રશ્ન ઉપસ્થિત થતો જાય છે અને દર વર્ષે એ વધુને વધુ વિકરાળ થતો જાય છે. એ પ્રશ્ન છે 'દેશ તો આઝાદ / સ્વતંત્ર થઈ ગયો પણ આપણે આપણી વિચારસરણીથી ક્યારે આઝાદ કે સ્વતંત્ર થઈશું?'' આપણી સોચ/વિચારવાની શક્તિ અને એની દિશાથી ક્યારે સ્વતંત્ર થઈશું? આજે પણ ઘણા બધા નાગરીકો તિરંગો ઉલટો ફરકાવી દે છે અને એમાં નેતાઓના સમાવેશ પણ થાય છે, સ્વતંત્રતા દિવસની ઉજવણીના કલાકોમાં એ જ તિરંગો રસ્તા પર રખડતો કે કચરાના ઢગમાં ફેંકાઈ ગયેલો નજરે પડે છે...! અફસોસની વાત છે ને કે તિરંગાનું માન-સન્માન કેમ જળવાય રહે એ વાત શીખવવા માટે આજે પણ છાપાઓમાં જાહેરાતો, ટીવી પર વિજ્ઞાપનો અને આગળ લખ્યા એવા આરજે લોકોએ સડકો પર રખડવું પડે છે. અગાઉ લખી એવી જ બીજી એક વિડીયો કલીપમાં ગણતંત્ર દિવસ અને સ્વતંત્રતા દિવસના ભેદ વિષે પુછાયેલા સવાલના જવાબમાં મોટાભાગનાઓએ ખોટો જ જવાબ આપેલો, આઝાદીના સાત દાયકા પછી પણ ઘણાને આ બંને દેશ-તહેવારો વિષે સમૂળગું અજ્ઞાન જ છે...!

કહેવા માટે તો આપણે ખુલ્લી સોચ, ખુલ્લા વિચાર અને મહતમ યુવાનો ધરાવતા એક સ્વતંત્ર દેશમાં જીવીએ છીએ પણ ખરેખર અંદરખાને નજર નાખો તો ક્યાં છે ખરેખર ખુલ્લી સોચ કે વિચાર? જી હા વાત ભલે કડવી લાગે પણ એકદમ સત્ય છે. હકીકતમાં સ્વતંત્ર લાગતા આપણે ખરેખર તો હજુયે પરતંત્ર જ છીએ..! પરતંત્ર આપણા વિચારોથી...પરતંત્ર આપણા આચારોથી....પરતંત્ર આપણી દેશ પ્રત્યેની ભાવનાના સન્માનથી...! વિશ્વાસ ના આવતો હોય તો દેશના કોઈ પણ ખૂણામાં ચાલ્યા જવાની છૂટ, બધા મળશે પણ 'ભારતીય' નહિ મળે...! જે મળશે એ કોઈને કોઈ જ્ઞાતિ, ધર્મ, સમ્પ્રદાય કે છેલ્લે કોઈને કોઈ પક્ષનો માણસ નીકળશે. સાચો ભારતીય દિવસે ને દિવસે આવા વાડા—બંધનો કે પક્ષાપક્ષીમાં કન્વર્ટ થતો જતો હોય એવું નથી લાગતું? ના લાગતું હોય તો હડપચીએ હાથ ટેકવીને આજુબાજુ જ નજર ફેંકી લેવી. આઈ બેટ હું સાવ ખોટો તો નહિ જ પડું...!

વધુ સેન્ટી થયા વગર સીધા શબ્દોમાં વાત કરીએ તો સ્વતંત્રતાનો અર્થ વૈચારિક સ્વતંત્રતા, આર્થિક સ્વતંત્રતા, ધાર્મિક સ્વતંત્રતા કે સૌથી અગત્યની સામજિક સ્વતંત્રતા હોય શકે અને આઈ એમ સ્યોર કે લાખો કરોડો લોકોએ આ જ કારણોસર જીવના બલિદાનો આપેલા. પણ આજકાલ તો વૈચારિક સ્વતંત્રતાનો આખો અર્થ જ ઉલટો થઈ ગયો છે. આપણે એમ સમજીએ છીએ કે મને મારી રીતે વિચારવાની સ્વતંત્રતા છે પણ એ સ્વતંત્ર આછકલાઈમાં આપણે દેશને ભૂલીને સ્વની વૈચારિક સ્વતંત્રતા પર વધુ ફોકસ થતા જઈએ છીએ. મહિલા સુરક્ષા અને મહિલા સમાનતાની વાતો કરતી વખતે દિલ્હી ગેન્ગરેપ કે ખામ પંચાયતના દમનકારી બનાવોને આપણે સગવડતાપૂર્વક ભૂલી જવામાં માહેર થઈ ગયા છીએ. ત્યારે આપણી વૈચારિક સ્વતંત્રતા ક્યા ઘાસ ચરવા જતી રહે છે? સામાજિક સ્વતંત્રતા વખતે જાતીય ભેદભાવો અને સામાજિક વર્ણભેદો વખતે કેમ મૂંગા બની જઈએ છીએ? દેશમાં આજે પણ લાખો લોકો હાથેથી મેલું ઉપાડવાનું કામ કરે છે ક્યા છે એમની સ્વતંત્રતા? સરકારો કે સંસ્થાઓ એ દિશામાં કામો કરે છે પણ હજુ એટલી વૈચારિક સ્વતંત્રતા ક્યાં કે આવા કામો બંધ થાય અને એના કરનારાઓ પણ સ્વતંત્રતાની સ્વચ્છ હવા લઈ શકે? પણ જે દેશમાં શૌચાલયની સંખ્યા કરતા મોબાઈલની સંખ્યા વધુ હોય ત્યાં આવી સ્વતંત્રતાની આશા ક્યાંથી રખાય?



રઝળપાટ

અજય ઉપાધ્યાય

પણ આજે સ્વતંત્રતાનો અર્થ બદલાઈ ગયો છે. સ્વતંત્રતાનો નવો અર્થ છે મનમાની. દેશ, સમાજ કે કાયદા કી ઐસી કી તૈસી, મનમાં આવે એમ કરવાનું. પૂછો કેમ? તો કહે સ્વતંત્ર દેશના સ્વતંત્ર નાગરિક છીએ. શેના સ્વતંત્ર નાગરીકો હે? સ્વચ્છતા રાખવાનું શીખવવા પણ અભિયાન ચલાવવા પડે છે. સ્વતંત્ર માનસિકતામાં ઘર, ગામ કે શહેર સ્વચ્છ રાખવું જોઈએ એવી તો અક્કલ ઉગતી જ નથી..! લાલ લાઈટ હોય ત્યારે શાંતિથી ઉભા રહેવું કે ઘાતક ડ્રાઈવિંગ કરાય નહિ એવી સાદી સમજ લાવવા પણ ટ્રાફિક ડ્રાઈવો ચલાવવી પડે છે ને તોય માર્ગ અકસ્માતોમાં મરનારની સંખ્યામાં આપણે વિશ્વના ટોચના દેશોમાં છીએ..! દેશ સ્વતંત્ર થયે શું ધૂળ ને ઢેફા વળવાના? જ્યાં સુધી આવી સાદી સમજ ના કેળવાય ત્યાં શેની સ્વતંત્રતા? સીતેર સીતેર વર્ષો પછી પણ હજુયે અનામતોના ચક્કર ચાલુ છે અને ચાલે જ ને , કેમકે ક્યા તો હજુ આપણે આર્થિક વિષમતાઓથી સ્વતંત્ર નથી થયા અને ક્યા તો હજુ આપણે એ જ ઉચ્ચ-નીચ અને જ્ઞાતિવાદી માનસિકતાથી બહાર નથી આવી શક્યા. સ્વતંત્રતા રાષ્ટ્રીયમાંથી ધીરે ધીરે વ્યક્તિગત થતી જાય છે. હું સ્વતંત્ર નાગરિક છું મને ગમે એ કરું? દેશનું જે થવું હોય એ થાય, અપુન કો ક્યાં? બોલવાની અને વ્યક્ત કરવાની સ્વતંત્રતા ધીરે ધીરે જીદ અને હક્કની સ્વતંત્રતામાં પરિવર્તિત થતી જાય છે અને એ કોઈ પણ દેશના વિકાસ અને સોહાર્દ માટે ખતરનાક જ હોવાની. અધૂરામાં પૂરું રાજકારણ! જો કે એમાયે વાંક તો આપણને મળેલી વૈચારિક સ્વતંત્રતાના ઉપયોગની જ છે ને? આપણે જ ચૂંટીને મોકલેલા આપણા જ પ્રતીનીધીઓના હાથે કે ઘણા કેસમાં પાપે આપણે જ પરતંત્ર જેવી અવસ્થામાં આવી જઈએ છીએ. સી, ફરી એક વાર સ્વતંત્રતાનો દુરુપયોગ જ કે બીજું કઈ? વાંક એમનો નહિ પણ આપણો જ છે, આપણી સ્વતંત્રતાની જુદી વ્યાખ્યાનો છે. સ્વતંત્રતા રાષ્ટ્રીય જણસ છે, એ રાષ્ટ્રનો ઉપહાર છે એના નાગરિકો માટે પણ બદલામાં આપણી પણ ફરજ બને છે કે એ સ્વતંત્રતાનો આપણને ગમતો અર્થ કાઢતા પહેલા દેશને પ્રથમ રાખવો કેમકે આખરે તો સ્વતંત્રતા એટલે જ સ્વ દ્વારા બનાવાયેલું તંત્ર છે હવે જો સ્વ એટલે કે આપણે જ સ્વતંત્રતાનો સ્વછંદી અર્થ કાઢતા જઈશું, ધર્મ-જ્ઞાતિ—પ્રદેશ કે આર્થીક ત્રાજવે તોળાતા કે બીજાને તોળતા રહીશું તો ક્યા રહેશે સ્વતંત્રતા? અને રહેશે તો પણ એ સ્વતંત્રતા નહિ પણ સ્વછંદતા હશે જેનાથી સરવાળે ૧૦૦૦ વર્ષો સુધી સંઘર્ષ કરીને દેશને આઝાદ કરીને આપણને સ્વતંત્રતાની મહામુલી ભેટ આપનાર એ સપૂતોના બલીદાનો એળે જશે. સોચો ઠાકુર સોચો..! સોચવાની સ્વતંત્રતા છે જ એનો ખરો ઉપયોગ કરી જાણો...! જયહિન્દ સાથે સ્વતંત્રતા દિવસની આગોતરી શુભકામનાઓ...!

# મધ્યકાળ અને અર્વાચીનકાળને જોડતી સંત કવયિત્રી : ગંગાસતી (ગંગાબાઈ)

ગુજરાતી સાહિત્યમાં મધ્યકાલીન યુગ ખુબ જ મહત્વનો અને ઐતિહાસિક મનાય છે. કારણ કે આ યુગનું સર્જન ગુજરાતી ભાષાનું પ્રારંભિક સર્જન છે. ઈ.સ. ૧૧મી સદીથી આરંભાયેલા આ યુગના આરંભિક સર્જક આચાર્ય હેમચન્દ્રાચાર્ય છે પરંતુ શુદ્ધ ગુજરાતીની દૃષ્ટિએ જોઈએ તો મધ્યકાલના આદ્યકવિ તો નરસિંહ મહેતા જ છે. મધ્યકાળમાં સ્ત્રી કવયિત્રીઓમાં સૌથી સક્ષમ સ્થાન મીરાંબાઈનું મનાય છે. મૂળે રાજસ્થાની હોવા છતાંય મીરાંબાઈ ગુજરાતીમાં ખુબ લખી ગયા છે. જો કે એ વખતના રૂઢિચુસ્ત સમાજમાં રહીને ઈશ્વરભક્તિ કરવી, ભજનો લખવા, પદો લખવા કે સંતો સાથે સંવાદ કરવા.. એ બધુ સ્ત્રીઓ માટે ખુબ કઠિન હતું છતાંય ઘણી સ્ત્રીઓ સંસારથી વિમૂક્ત થઈને કે કોઈએ સંસારમાં રહીને પણ ભક્તિમાર્ગ અપનાવ્યો છે. આવા જ એક સૌરાષ્ટ્રના સંતકવયિત્રી છે કે જેઓ શુદ્ધ ગુજરાતી છે જેમના વિશે ગુજરાતી સાહિત્યમાં ખુબ ઓછું કામ થયું છે. જેમનું નામ છે ''ગંગાસતી'' કે ''ગંગાબાઈ'' જેઓ અઢારમી સદીમાં થઈ ગયા છે. આ સંત કવયિત્રીને સાહિત્યના ઈતિહાસમાં મોટાભાગના ઐતિહાસિક ગ્રંથોમાં મધ્યકાળના કવયિત્રી તરીકે ગણવામાં આવ્યા છે. પરંતુ ગંગાસતીનો સમય જોઈશું તો તે અર્વાચીનકાળમાં આવે છે.

તેમનો જન્મ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના રાજપરા ગામે ક્ષત્રિય જ્ઞાતિમાં ભાઈજીભાઈ સરવૈયા અને માતા રૂપાળીબાના પેટે સંભવત – ઈ.સ. ૧૮૪૬ (વિક્રમ સંવત – ૧૯૦૨)માં થયેલો. મધ્યકાળનો અંત ઈ.સ. ૧૮૫૨માં મનાય છે. અને અર્વાચીનયુગનો આરંભ – ૧૮૫૨/૫૩થી થાય છે આ સમયે ગંગાબાઈની ઉંમર ૧૮૪૬ પ્રમાણે ગણીએ તો ૬/૭ વર્ષની હોય. તેમનું બાળપણનું નામ ''હીરબા'' હતું તેમના લગ્ન ઈ.સ. ૧૮૬૪માં ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ધોળા જંકશનથી નવ કિલોમીટર દૂર સમઢિયાળાના રાજપૂત કહળભા કલભા ગોહિલ સાથે થયેલા લગ્ન વખતે દાયજામાં વડારણ તરીકે પઢિયાર શાખના હમીરભાઈ ખવાસની દીકરી પાનબાઈને સમઢિયાળા લઈ ગયેલા.જે બહેનપણી અને દાસીની ભૂમિકા નિભાવતી હતી. આ ગંગાસતીને સંતાનોમાં બે પુત્રીઓ હતી, એક ''બાઈ રાજબા'' (જન્મ – ઈ.સ. ૧૮૬૬) અને બીજી ''હરિબા'' (જન્મ – ઈ.સ. ૧૮૬૮) ગંગાસતીને કોઈ પુત્ર ના હોવાથી તેમના પિતરાઈ ભત્રીજા અજયસિંહ – અંજુભાને પહેલેથી જ પોતાની સાથે રાખ્યો હતો અને મોટી ઉંમરે એમની સાથે પાનબાઈના લગ્ન પણ કરાવી દીધા હતા.

ગંગાસતીનો દેહત્યાગ વિ. સં. ૧૯૫૦, ફાગણ સુદ – ૮ ગુરુવાર, તા. ૧૫, માર્ચ, ૧૮૯૪ના રોજ સમઢિયાળા ગામે થયો હતો. જો કે આ મૃત્યુ કુદરતી નહોતું પણ એમણે સમાધિ લીધી હતી. ગંગાબાઈ મૂળથી જ ભક્તિભાવવાળા – સાધુસંતોની સેવા કરવી, સંગત કરવી એમને ખુબ ગમે તેથી તેઓની આ વૃત્તિ – પ્રવૃત્તિનો રંગ એમના પતિને પણ લાગેલો અને તેઓ પણ આજુબાજુના વિસ્તારોમાં 'ભગત' તરીકે જાણીતા થયેલા. આ કહળભાએ પણ ઈ.સ. ૧૮૯૪માં સમાધિ લીધેલી. એમની સાથે જ ગંગાબાઈ પણ સમાધી લેવાના હતા પણ પતિએ સમાધિ લેતા અગાઉ ગંગાબાઈને આજ્ઞા કરી કે ''અંજુભા અને પાનબાઈને બરાબર સંસારી પણ ભક્તિપ્રિય બને એવી શીખ આપો'' પતિની આ આજ્ઞા માથે ચઢાવી ગંગાબાઈએ દરરોજ એક ભજન રચીને બાવન દિવસ સુધી ભક્તિની સરવાણી – સંતવાણીનું સર્જન કરીને પાનબાઈને ઉદેશીને બાવન ભજનો લખ્યાં અને પછી પતિની સમાધિના બરાબર બાવન દિવસ પછી ગંગાબાઈએ પણ સમાધિ લીધી એમ કહેવાય છે. આજે પણ ભાવનગર જિલ્લાના ઢસા પાસેના કાળુભાર નદીને કાંઠે ગંગાસતીની સમાધિ જોવા મળે છે.

ગંગાસતીની ભજનવાણીમાં ''નિજારપંથ'' ''બીજ માર્ગ'' અને મહાપંથની સાધનાનું આલેખન જોઈ શકાય છે. જો કે આ નિજાર મત કે મહાપંથ પાછળથી એમના ભજનોમાં ઉમેરાયો હોવાનું પણ મનાય છે. પણ ' સતી ' તરીકેનું સંબોધન 'મહાપંથ' માં જ કરવામાં આવે છે. એ પણ સ્વીકારાયેલી હકિકત છે.

ગંગાસતીના ગુરુ તરીકે ગિરનારી સિદ્ધ દશનામી સંન્યાસી રામેતવન હતા. એવું મનાય છે. ગંગાસતીની કાવ્યવાણીમાં શીલ, સત્સંગ, વૈરાગ્ય, જ્ઞાન, ભકિત, મિત વ્યવહાર, ગુરુ ઉપાસના. મનની સ્થિરતા, સાહજિક સાધના, ભક્તિના સિદ્ધાંતો અને સાધનાથી ઈશ્વર સાક્ષાત્કાર સુધીની ભૂમિકાઓ જોવા મળે છે. ગંગાસતીના ભજનો ઉપર સતી લોયણના ભજનોની અસર સ્પષ્ટ જોઈ શકાય છે. તો વળી ક્યાંક સીધા કથાત્મક ભજનો પણ રચાયાં છે.



મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

ગંગાસતીએ લખ્યું છે ખુબ ઓછું પણ જેટલા ભજનો લખ્યાં છે તે બધા સત્વશીલ છે. ભક્તિરસ અને પ્રભુભક્તિના ઊંડાણથી સમૃદ્ધ બનેલી રચનાઓ છે. જેમાં રહેલા ભારોભાર ભક્તિરસ અને કાવ્યરસને કારણે એ રચનાઓ વિવેચકોને પણ આકર્ષી શકી છે. એમની રચનાઓમાં જીવનનું એક પરમ સત્ય – ઊંડું ચિંતન સમાયેલું જોઈ શકાય છે. ગંગાબાઈની કાવ્યભાષા એકદમ સહજ અને સરળ છે. એમાં શીલ, સદાચાર અને સંસ્કારની ભાવધારાઓ વહે છે. એમાં સહજ ઉપદેશ છે. એમાં કોઈ ગૂઢ રહસ્યવાદી વિચારધારા નથી. પણ વાચતા કે સાંભળતાની સાથે જ સમજાય જાય એવી એમની ભક્તિધારા છે. આ કવયિત્રીના ભજનો પાનબાઈને ઉદેશીને લખાયાં છે. તેથી માત્ર માનવજીવનને ધ્યાનમાં રાખ્યું છે. કોઈ ધર્મ, સંપ્રદાય કે પંથનો પ્રભાવ એમાં જોવા મળતો નથી. માત્ર પાનબાઈરૂપે સમગ્ર માનવ જાતને કલ્યાણ થાય એવી એમાં સહજ વાત છે. સંસારની બધી જ મોહમાયા ત્યાગવાની વાત, નાતજાતના ભેદભાવ છોડવાની વાત, ખોટા અહમને ત્યાગવાની વાત, તો વળી ધર્મનો આડંબર અને અંધશ્રધ્ધાને ઓળંગવાની વાત એમના ભજનોમાં છે. એમનું કહેવું છે કે માનવ જીવનું કલ્યાણ એકમાત્ર ભક્તિમાં છે. અને ભક્તિથી જ સાક્ષાત બ્રહ્મને – ઈશ્વરને પામી શકાય છે. એવી સાદી ને સરળ ભક્તિનું, અધ્યાત્મનું ઊંડાણ ગંગાસતીના ભજનોમાં જોવા મળે છે.

ગંગાસતીનો જન્મ મધ્યકાળમાં – સર્જન અર્વાચીનકાળમાં થયું છે. પરંતુ તેમને મધ્યકાળના કવયિત્રી ગણવાનું કારણ એમના સમગ્ર કાવ્યોનો, ભજનોનો ભક્તિભાવ હોઈ શકે છે. એમની બધી રચનાઓ મધ્યકાળના ભક્તકવિઓની હરોળમાં મૂકી શકાય એવી છે. એનું ભાવવિશ્વ માત્ર માનવ કલ્યાણ અને ભક્તિ છે. કેન્દ્રમાં ઈશ્વર છે. અન્ય કોઈ વિષયો કે કવિત્વભાવ પણ નથી ભલે ગંગાસતી દલપતરામ કે નર્મદના સમકાલીન હોય પણ તેઓ ક્યાંય મળ્યા હોય એવો ઉલ્લેખ ક્યાંય મળતો નથી. દલપતરામનો જન્મ ઈ.સ. ૧૮૨૦માં અને નર્મદનો જન્મ ઈ.સ. ૧૮૩૩માં છે. જ્યારે ગંગાસતીનો જન્મ ઈ.સ. ૧૮૪૬માં થયો હોવાનું મનાય છે. આ રીતે ગંગાસતીના જન્મ વખતે દલપતરામ ૨૬ વર્ષના અને નર્મદ ૧૩ વર્ષનો હતો તેથી સમયની દૃષ્ટિએ ગંગાસતી અર્વાચીન કાળના જ કવયિત્રી ગણી શકાય. પરંતુ તેમનું સમગ્ર કવન મધ્યકાળની ભક્તિનું ભાવવિશ્વ લઈને આવતું હોવાથી અને માત્ર જન્મનો આધાર લઈને એમને મધ્યકાળમાં મૂકવામાં આવ્યા છે. એમ માની શકાય.